

ચલો સ્કૂલ ચલે હમ... - ગાંધીનગર શહેરના પાદરે આવેલ નાનકડા બોરીજ ગામમાં ભાવપૂર્ણ વાતાવરણમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો... પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પોતાની આગવી શૈલીમાં બાળકોને નાની-નાની પ્રેરણામય વાતો કરીને શિક્ષણનો મહિમા સમજાવ્યો હતો... બોરીજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે નિષ્ઠાપૂર્વક આચાર્ય અને શિક્ષકો ભરપૂર પ્રયાસો કરે છે... રાજ્યકક્ષાના વિજ્ઞાન મેળામાં પણ બોરીજ પ્રાથમિક શાળાએ ગાંધીનગરનું નામ રોશન કર્યું હતુ... (તસવીર : દિપક જાની)

# શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરો ફરતેના માર્ગોની સફાઈ

## મુખ્યમંત્રીની સીધી સુચનાના પગલે તંત્ર કામે લાગ્યું ત્રણ દિવસમાં કચરો દુર કરીને શહેરને રોચક બનાવાશે : ૧૬ ટીમો કામે લાગી

ગાંધીનગર તા ૧૮

શહેરના માર્ગો તેમજ સેકટર ફરતેના વિસ્તારને સ્વચ્છ કરવા તંત્ર દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.મુખ્યમંત્રીની સીધી સુચનાને અનુલક્ષી તંત્ર દ્વારા શહેરને ગંદકી મુકત બનાવવા ૧૬ જેટલી ટીમ કામે લગાડવામાં આવી છે.પાટનગર યોજના ભવન દ્વારા આ ત્રિદિવસીય સફાઈ અભિયાન શરૂ કરી દેવાયું છે.

ગાંધીનગરમાં હાલ સફાઈ કામગીરી શરૂ કરી દેવાઈ છે.ચોમાસુ માથે છે. ત્યારે સેકટરોના રસ્તાઓ તેમજ આસપાસના વિસ્તારમાંથી ગંદકી ઉલેચવા તંત્ર દ્વારા સફાઈ ઝુંબેશ શરૂ કરી દેવાઈ છે.શહેરમાં આગામી ચોમાસાને ધ્યાને લઈ તંત્ર દ્વારા સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ પણ કરવામાં આવી છે.ત્યારે વરસાદી દિવસો પહેલા સેકટરોના રસ્તાઓ સહિત આસપાસના વિસ્તારોમાંથી પણ કચરો દુર કરીને શહેરને રોચક બનાવવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.ગઈકાલથી આ સફાઈ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી વિવિધ ૧૬ જેટલી ટીમ તૈયાર કરી સફાઈના કામમાં લગાડી દેવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત સેકટર ફરતેના રસ્તાઓને પણ સફાઈ હેઠળ આવરી લેવામાં આવશે.પાટનગર યોજનાના ચાર વિભાગો દ્વારા સે-૧૪ થી૧૬ તેમજ સે-૨૩ થી ૨૮ તેમજ સે-૧૨ સે-૭ સે-૧૧ તેમજ સે-૧૮ ઉપરાંત સે -૧૭ થી ૨૨ તેમજ સે-૨૯ અને સે-૩૦માં પણ સફાઈ કરવામાં આવશે.ત્રિદિવસીય સફાઈ ઝુંબેશ દરમિયાન વિભાગની ૧૬ જેટલી ટીમો કામે લગાવાશે.ચોમાસુ માથે છે ત્યારે શહેરને સ્વચ્છ બનાવવા તંત્ર દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે.મુખ્ય માર્ગો ઉપરાંત શહેરના સેકટરોમાં પણ રસ્તાઓ ફરતે સફાઈ કરવામાં આવશે.

# ખોરજ ખૂન કેસમાં આરોપીને આજીવન કેદની સજા ભોગવવા કોર્ટનો આદેશ

## રેલ્વે બ્રિજની બાજુમાં પત્નિને છરીના ઘા મારી હત્યા કરી હતી

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામમાં પત્નિનું ખૂન કરવાના કેસમાં પતિને કોર્ટે આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.કોર્ટે આરોપીને રૂપિયા ૧ હજારનો દંડ ભોગવવા પણ હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત એવી છે કેજિલ્લાના ખોરજ ગામમાં રહેતા ભાવેશ ગીરધરભાઈ સાવલીયાએ તા ૨૧ જૂન ૨૦૧૩ ના રોજ તેની પત્નિને ખોરજ ગામના રેલ્વે સ્ટેશન બ્રીજની બાજુમાં બોલાવી હતી.જયાં કુદરતી હાજતે જવાના બહાને તેની પાસે પાણી મંગાવી તેણી પર છરી વડે હુમલો કર્યો હતો.આરોપીએ તેની પત્ની પર છરી વડે ગળા તેમજ છાતીના ભાગે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.જયારે તેણીની હત્યા કરી છરીના પુરાવાનો બાજુના પાણીના ખાબાચિયામાં નાશ કરી દીધો હતો. આ બનાવ સંદર્ભે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી.જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યું હતું કે આરોપીએ તેની પત્નિનું છેતરીને મર્ડર કર્યું છે.જયારે ગુન્હાને અકસ્માતમાં છુપાવવા તજવીજ કરી હતી.જેથી આરોપીને કાયદામાં દર્શોવેલી પુરેપુરી સજા થવી જોઈએ. જે દલીલો તેમજ પુરાવાને ધ્યાને લઈ જજ ડી એમ વ્યાસે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.આ ઉપરાંત આરોપીને રૂપિયા ૧ હજારનો દંડ ભોગવવા પણ આદેશ કર્યો છે.

# શહેરમાં સમાવિષ્ટ ગામોમાં વિકાસકામો નહિ કરાતાં આંદોલન કરવુ પડશે : હર્ષજીત

## કોર્પોરેશનમાં મિલ્કતવેરો લેવાય છે પણ સુવિધાઓ કે સેવાઓ નથી મળતી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર કોર્પોરેશનની કથળતી સેવાઓ સામે રોષ વ્યક્ત કરતાં કોંગી કાઉન્સીલર શ્રી હર્ષજીત પંડ્યાએ આગામી દિવસોમાં જલદ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

આજે મનપાના કમિશનરશ્રી ચૌધરીને લખેલા એક પત્રમાં તેમણે શહેરી વિસ્તારના સમાવિષ્ટ ગામોના વિકાસ કે સેવાઓને મુદ્દે જે અન્યાય કરવામાં આવી રહ્યો છે તે અસહ્ય બન્યો હોવાની ફરિયાદ કરી આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

તેમણે તેમના આ પત્રમાં ગરીબ અને પછાત વર્ગના વિકાસ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટના નાણાં નહિ વાપરી અન્યાય કરવામાં આવી રહ્યાનું જણાવ્યું છે. તેમજ વિકસીત વિસ્તારોમાં આડેધડ કામો કરી ભ્રષ્ટાચારને ઉત્તેજન અપાતુ હોવાનો આક્ષેપ પણ પત્રમાં કર્યો છે.

શ્રી પંડ્યાએ તેમના આ પત્રમાં જણાવ્યું છે કે મહાનગરપાલિકા દ્વારા જે વેરો ઉઘરાવવામાં આવે છે તેની સામે લોકોને જે સુવિધા મળવી જોઈએ તે આજ દિન સુધી મળી નથી. જવાબદાર અધિકારીઓ પણ નકારાત્મક જવાબ આપી પ્રજાની પરેશાની ઉભી કરી છે. તેમજ મિલક્તવેરાની રી-સર્વે માટે જે રકમ ફાળવવામાં આવી છે તે ફક્ત અને ફક્ત ભ્રષ્ટાચાર માટે આપવામાં આવી હોઈ તેવું લાગે છે, કેમ કે ગાંધીનગરના જુના સેક્ટરોમાં અમુક સેક્ટરની અંદર પ્રાઈવેટ મકાનો નથી જેથી તેવા સેક્ટરોની અંદર ખુબ જ ઓછો ખર્ચ થાય. જો આપ આ વસ્તુને ધ્યાનમાં રાખશો તો પ્રજાના પૈસાનો દૂર ઉપયોગ થતો અટકશે. આના કારણે પ્રજાના પૈસા બચશે અને વિકાસના કામ માટે વાપરી શકાશે. આપ દ્વારા ટેક્ષ ઉઘરાવા માટે પણ બેવડી નીતિ રાખવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સરકારી કચેરીઓ તેમજ પ્રાઈવેટ કંપનીઓનો ઓછામાં ઓછો ૭૦ કરોડથી પણ વધારે ટેક્ષ બાકી છે. તેની સામે પણ આપે કોઈ એક્શન પ્લાન તૈયાર કરેલ નથી તેમજ આપના દ્વારા સરકારમાં પણ કોઈ રજુઆત કરેલ નથી. જો સામાન્ય માણસ પાસેથી આપણે ટેક્ષ ના ભરે તો વ્યાજ સાથે રકમ વસુલવામાં આવે છે તો આ નીતિ સરકારી કચેરીઓ માટે પણ અમલમાં મુકવી જોઈએ.

# બાઈકર્સ ગેંગ પ્રત્યે લાલ આંખ પણ અન્ડર એજ ડ્રાઈવર્સ પ્રત્યે આંખ મીંચામણાં કેમ??

## નગરની શાળાઓની આસપાસ બાળકો ત્રણ સવારી બાઈક ચલાવી દિલધડક સ્ટંટ કરી રહ્યા છે : પોતાની સાથે નાના ભૂલકાંઓ માટે પણ જોખમ રૂપ : કાચી ઉંમરના બાળકોને વાહન આપી દેતા વાલીઓ પણ ગંભીર ભૂલ કરી રહ્યા છે



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં તાજેતરમાં જ પોલીસે સ્વર્ણિમ પાર્ક રોડ પર બાઈકના સ્ટંટ કરતી બાઈકર્સ ગેંગ પ્રત્યે લાલ આંખ કરી છે તે આવકારદાયક બાબત છે. જો કે ગાંધીનગરમાં શાળાઓના બાળકો દ્વારા અન્ડર એજ ડ્રાઈવીંગ પ્રત્યે પોલીસ આંખ મીંચામણા કરી રહી છે તે આશ્ચર્યજનક છે કારણ કે બાઈકર્સના સ્ટંટના મૂળિયા અન્ડર એજ ડ્રાઈવીંગના દૂષણથી જ જન્મે છે. આ બાબતે નગરના વાલીઓએ પણ જાગૃત થવાની એટલી જ જરૂર છે.

કાચી ઉંમરના બાળકોને લાયસન્સ વગર જ વાહનો આપી દેતા વાલીઓ પોતાના હાથે બાળકને જોખમ ભણી ધકેલે જ છે પરંતુ સાથે અન્ય લોકોના જીવ પણ જોખમમાં મુકે છે. કિશોરાવસ્થામાં ચંચળ સ્વભાવ ધરાવતા બાળકો હેલ્મેટ પહેરવામાં નાનમ અનુભવે છે વળી બાઈક લઈ મસ્તીએ ચઢે છે ત્યારે ત્રણ સવારી કે ચાર સવારી સાથે શાળા છુટવાના સમયે ભીડમાં ભયજનક ડ્રાઈવીગ કરી સ્ટંટ કરવાનો રોમાંચ માણે છે. ઘણા કિશોરો ગર્લફ્રેન્ડ પર ઈમ્પ્રેશન જમાવવા

● અનુસંધાન પાન-૭ પર

# રવિવારે સ્વર્ણિમ પાર્કમાં યોગ દિવસ ઉજવાશે

**શહેરની સ્વૈચ્છિક, શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક સંસ્થાઓ પણ ભાગ લેશે**

ગાંધીનગર તા ૧૮

આગામી તા ૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.જેમાં સમગ્ર દેશ તેમજ રાજયોમાં પણ યોગ દિવસ નિમિત્તે યોગ નિદર્શન યોજવામાં આવશે. રાજયમાં અમદાવાદ ખાતે યોગ દિવસની રાજય કક્ષાની ઉજવણી કરવામાં આવશે.જયારે ગાંધીનગરમાં પણ સ્વર્ણિમ પાર્કે ખાતે જિલ્લા કક્ષાના યોગ દિવસને અનુલક્ષી તડામાર તૈયારી ચાલી રહી છે.હજારો નાગરીકો આ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે.

સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા ૨૧ જુનને વિશ્વ યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે.જેના અનુસંધાને સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. અમદાવાદમાં પૅણ જી એમ ડી સી મેદાન ખાતે રાજયપાલ ઓ પી કોહલી તેમજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની હાજરીમાં યોગ નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવશે.જયારે ગાંધીનગરમાં પણ જિલ્લા કક્ષાની ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ પાર્કમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ છે.જિલ્લા કક્ષાની ઉજવણીમાં પણ નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# શંકરસિંહના સમર્થનમાં રાજયભરના કોંગીજનો ઉમટયા

ગાંધીનગર, તા.૧૮

સી.બી.આઈ. દરોડાની કાર્યવાહી બાદ આજે વિપક્ષના નેતા શંકરસિંહ વઘેલાના નિવાસસ્થાને મોટી સંખ્યામાં લોકો ઉમટયા હતાં અને શંકરસિંહને મળીને તેમની સાથે હોવાનો અહેસાસ કરાવ્યો હતો.

એન.ટી.સી. જમીન વેચાણમાં ગોટાળા મામલે સીબીઆઈ દ્વારા ગઈ કાલે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગુજરાતના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાને દરોડા પાડી સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું.

શંકરસિંહ વાઘેલા સાથે સી.બી.આઈ. દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને લઈને કોંગ્રેસના કાર્યકરોમાં રોષ ઉઠવા પામ્યો હતો. આજે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ સહીત પ્રદેશ આગેવાનો કાર્યકરો અને સમર્થકો મોટી સંખ્યામાં શંકરસિંહના નિવાસ સ્થાને ઉમટી પડયા હતાં.

કોંગ્રેસના પ્રદેશ નેતાઓએ શંકરસિંહ વાઘેલા સાથે મુલાકાત કરીને સી.બી.આઈ. દ્વારા કરાયેલી કાર્યવાહી અંગે ચર્ચા કરીને કેન્દ્ર સરકાર અને સી.બી.આઈ. સામે રોષ વ્યકત કરવામાં આવ્યો હતો.

આજે દિવસભર શંકરસિંહ વાઘેલાને મળવા માટે તેમના નિવાસસ્થાને આગેવાનો કોંગ્રેસના કાર્યકરો અને સમર્થકોની અવર જવર સતત ચાલુ રહેવા પામી હતી અને તમામ કાર્યકરો તેમની સાથે હોવાનો અહેસાસ કરાવ્યો હતો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Maans Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને રોલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
ફિલ્ટર સાથે
Tobacco 100% Free
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા), મો. :
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

# બળાત્કાર કેસમાં આરોપીને આજીવન કેદની સજાનો હુકમ

ગાંધીનગર તા૧૮

અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં કુમળી વયની બે બાળાઓ પર બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરાપીને આજીવન કેદની સજા તેમજ રૂપિયા ૬,૧૦,૦૦૦ નો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સાબરમત્તીના કાળી ગામમાં રહેતા આરોપી સતીષ બિપિનભાઈ મકવાણાએ વર્ષ ૨૦૧૩ દરમિયાન ગોમતી પુર વિસ્તારમાં કુમળી વયની બે બાળાઓને થાન્થા ગેમના આણંદ જિલ્લાના હેડ કોચ બનાવવાની લાલચ આપી હતી ત્યારબાદ આરોપીએ ઠંડા પીણાંમાં વિદેશી દારૂ ભેળવી બંન્ને પીવડાવી દીધુ હતું. ત્યારબાદ તેણીની મરજી વિરૂધ્ધ સંભોગ કર્યો હતો.આ બનાવ સંદર્ભે ચાંદખેડા પોલીસ મથકે ફરિયાદ નોધાઈ હતી.આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી. જેમાં તેમણે જણાંવ્યુ હતુ કે સમાજમાં દાખલો બેસે તે હિસાબે આરાપીને સખ્તમાં સખત સજા થવી જોઈએ. એડીશ્નલ સેસન્સ જજ રીઝવાના ઘોઘારીએ પુરાવાઓને ધ્યાને લઈ આરોપીને જીંદગીના બાકીના દિવસો કેદ ભોગવવા આદેશ કર્યો છે. જયારે ૬,૧૦,૦૦૦ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
સંસ્થાના સભ્યપદનું ભરણું છલકાવી દેવા બદલ ગાંધીનગરની સંસ્કારપ્રિય જનતાના અમે આભારી છીએ.
પ્રસ્તુત કરીએ છીએ એક નોખો - અનોખો ફિલ્મ ગીત-સંગીતનો કાર્યક્રમ
ફિલ્મ સંગીતની ચોપાટ - "વો જબ યાદ આયે બહોત યાદ આયે"
અત્યંત મર્યાદિત સંખ્યામાં સભ્યો લઈ શકાય તેમ હોવાથી કાર્યક્રમના સ્થળેથી સભ્યપદ મેળવી શકાશે.
સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ રૂા.૧૦૦૦/- (વાર્ષિક)
'સૂરીલી સાંજ' ભાવનગરના કલાકારોની પ્રસ્તુતિ
સોલો • કોરસ • ડયુએટ • ટ્રાયો
ક્યારેય ન સાંભળ્યો હોય એવો કાર્યક્રમ
કાર્યક્રમના પ્રારંભે "હિન્દી ફિલ્મ અને ગીતો"
તારીખ : ૨૦-૬-૨૦૧૫ (શનિવાર)
સમય : રાત્રે ૯-૧૫ કલાકે
સ્થળ : ટાઉન હોલ, ગાંધીનગર
અમારા માનવંતા સભ્યશ્રીઓને નિમંત્રણ કાર્ડ મોકલી આપવામાં આવ્યા છે. આમ છતાં જો નિમંત્રણ કાર્ડ ન મળે તો કાર્યક્રમના સ્થળે પધારવા સર્વ સભ્યશ્રીઓને નમ્ર વિનંતી છે.
અમારી સંસ્થાને પ્રચંડ સહકાર આપનાર સૌ સભ્યશ્રીઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.
મનોજ શુકલ, મંત્રી, ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)
રાજેશ વૈષ્ણવ • દેવેન દવે • હરીત ધોળકીયા • હિરેન વૈષ્ણવ • સંજય ગોસાળીયા • જૂઈ ભટ્ટ • સંગતી મહેતા • સુરભિ પરમાર • ખ્યાતિ મહેતા
સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૮, ગાંધીનગર.
કેપિટલ પ્રિન્ટોરીયમ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, શ્રીનાથ કોમ્પલેક્ષ, સેક્ટર-૨૨, ગાંધીનગર

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com